# ચલો ગોધરા
# પોલીસ અત્યાચાર વિરોધી ઝુંબેશ
# ચાલો ગોધરા..........

પોલીસ અત્યાચારનો વિરોધ કરીએ
એવી પરમાર સામે તાત્કાલીક પગલાંની માંગ કરીએ
ગોધરા એસ.પી. મોટાલીયા અને ગોધરા કલેક્ટરની નિષ્ક્રીયતાને વખોડીએ

ગોધરા પોલીસે હઠિલા મહોલ્લાના ગરીબ અને વંચિત લોકો પર હુમલો કરી  તેમને પોતાના નિશાન બનાવ્યા છે. આને પરિણામે સ્થાનિક લોકોમાં અતિશય ભય અને અસહાયતાનું વાતાવરણ ઉભુ થયુ છે. આ અત્યાચાર સામે વિરોધ નોંધાવવા મુંબઇ, અમદાવાદ, વડોદરા સહિતના વિવિધ સ્થળોના નાગરિકો અને વિવિધ સંગઠનોના પ્રતિનિધિ કાર્યકરો તા. 21 જાન્યુઆરીના રોજ ગોધરા એસ.પી.ની ઓફીસ સામે સવારે  10 થી બપોરે 1 દરમ્યાન ધરણા કરનાર છે.

અત્યાચારના આ બનાવની શરુઆત 19 ડીસેમ્બર 2009ના રોજ શરુ થઇ હતી. ગાયની ચોરીના આરોપીની ધરપકડ કરવાના બહાને સ્થાનિક પોલીસે (હઠીલા પ્લોટ, ગોધરા બી. ડીવીઝન, પોલીસ સ્ટેશન) રાત્રે 10 વાગે નિર્દોષ સ્ત્રીઓ પર હુમલો કરી તેમની જાતીય સતામણી કરી હતી. છેલ્લા 1 મહિના દરમ્યાન ગોધરાના રહિશોએ પોતાનો આક્રોશ શાંતિ પૂર્વક લોકશાહી રીતે વિરોધ વ્યક્ત કરીને, પ્રેસ કોન્ફરન્સ યોજીને  કરવાની કોશિશ કરી હતી પરંતુ જીલ્લા કલેકટર અને પોલીસ અત્યાર સુધી આ શાંતિપૂર્ણ પ્રયત્નોનું ગળુ દબાવવમાં સફળ થયા છે. અત્યાચારનો ભોગ બનનારા બહેનોએ અત્યારસ્થાર કરનારાઓમાં પી.આઇ. એ.વી. પરમાર, કોન્સ્ટેબલ સુરેશ, કોન્સ્ટેબલ પ્રભાતસિંહ અને કોન્સ્ટેબલ પર્વતસિંહ સહિત અન્યોના નામો આપ્યા છે.

ગોધરા પોલીસ કહેતા પણ ધ્રુજી જવાય તેવા અત્યાચાર આ વિસ્તારના મહિલા રહેવાસીઓ ખાસ કરીને લઘુમતિ સમુદાયના બહેનોને નિશાન બનાવી ગુજાર્યા છે. અત્યાચારનો ભોગ બનનાર બહેનોએ પોતાની આપવિતી ડીસેમ્બર 29, 2009ના રોજ પ્રેસ કોન્ફરન્સ સમક્ષ વર્ણવી હતી અને ગુજરાત રાજ્યના એડીશનલ ડી.જી.પી. શ્રીસુધીર સિંહા સમક્ષ રજૂઆત કરી હતી. તેમણે પગલાં ભરવાની ખાત્રી આપી હતી.

ગોધરા બી ડીવીઝનના પોલીસોએ કરેલ કથિત ગેરકાયદેસર કૃત્યમાં માત્ર ગેરકાયદેસર રીતે મુસલમાન સ્ત્રીઓની (આમા એવી સ્ત્રી પણ હતી કે જેણે પોતાનો પતિ હાલમાંજ ગુમાવ્યો હોવાથી શોક પાળતી હતી, અને ઇદ્દતમાં હતી) અટકાયત કરી તેમની પર પાશવી જાતીય અત્યાચાર ગુજારવા ઉપરાંત આખા મેડીકો લીગલ તંત્રને પણ પોતાના તદ્દન ગેરકાયદેસર કૃત્યમાં સામેલ કરવાનો આક્ષેપ છે.

કલાકો સુધી ગેરકાયદેસર અટકાયત અને જાતીય હિંસા ગુજાર્યા બાદ જ્યારે આખરે પોલીસે સ્ત્રીઓને સ્થાનિક કોર્ટ સમક્ષ રજૂ કરી ત્યારે માનનીય ન્યાયાધિશે તેમની ગંભીર ઇજાઓ જોઇને તેમને સીવીલ હોસ્પીટલમાં સારવાર માટે દાખલ કરવાનો હુકમ કર્યો હતો. મેજીસ્ટ્રેટે પોલીસોના ગુનાની નોંધ લઇ CrPCના સેક્શન 202 હેઠળ ગોધરા બી ડીવીઝનના પોલીસ સ્ટેશનના તમામ પુરુષ પોલીસો સામે કાર્યવાહી કરવાનો હુકમ કર્યો હતો.

પોલીસોએ જેલર સાથે કથિત મિલિભગત વ્દારા આ હુકમનો અમલ કરવામાં વિલંબ કર્યો હતો. JMFC શ્રીમતિ મલેવાલાએ ભોગ બનેલ બહેનોના શરીર પરના ગંભીર ઇજાના નિશાનો જોઇ પોલીસો સામેના

પ્રથમદર્શી પુરાવાના આધારે બહેનોના નિવેદન નોંધ્યા હતા. એક તબીબ ડો. શર્માએ સ્પષ્ટ રીતે કહ્યુ હતુ કે કાયદેસરની અને સર્વસ્વીકૃત કાર્યવાહી મુજબ આ બહેનોની તપાસ મહિલા તબીબ વ્દારા થવી જોઈએ પરંતુ ફરી એકવાર પાશવી પોલીસોના દબાણ હેઠળ પુરુષ કર્મચારીઓ વ્દારા પોલીસોની હાજરીમાં તપાસ કરવાની ફરજ પડાઈ હતી.

અત્યાચારનો ભોગ બનેલ બહેનો રાત્રે પોતાના ઘરમાં સૂઈ શકતા નથી કે નથી પોતાનો રોજગાર રળવા જઈ શકતા કારણ કે પોલીસોએ હજુ પણ બદલો લેવાની ભાવનાથી કોમ્બિંગ ઓપરેશન ચાલુ રાખ્યુ છે. સ્થાનિક મેજીસ્ટ્રેટે પોલીસોના ગુનાહીત વર્તન સામે હેઠળ તપાસ શરૂ કરી છે અને બહેનોના નિવેદન નોંધવાની શરુઆત 21 જાન્યુઆરીના રોજ થશે. અત્યાચારનો ભોગ બનેલ બહેનો ગુજરાત હાઈકોર્ટમાં સીટીઝન ફોર જસ્ટીસ એન્ડ પીસના સહકારથી પીટીશન દાખલ કરવાની કાર્યવાહી કરી રહ્યા છે.

તા. 21 જાન્યુઆરીના રોજ ગોધરા ખાતે યોજાના ધરણામાં સામેલ થવા લોકશાહી તેમજ માનવ અધિકારોમાં માનતા તમામ નાગરીકોને અપીલ છે.

All India Milli Compound
Aman Biradari
Aman Sumadhay
Anandi
Aulak
AVHRS
CFD
CHRI
Citizens for Justice and Peace
Communalism Combat
Human Rationalist Godhra
Jagruti
Meghdhanush
Nishwa
Pragati Prayas
Prashant
PUCL
Saarthi
SAFHR
SAHIYAR
SAHRWARU
Uthan
Waqar Razi